૪૦૧ / ૬,૭૦૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૦૮)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫) **સત્સંગ પ્રવેશ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૭૫)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

**વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર - પંદરમી આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૭**

**પ્રશ્ન.૧. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૯ ગુણ)

૧. ''હમણાં કોસમાંથી પાણી ઠલવાશે તે પી લેજો.'' ૭૦

૨. ''જો તમે બે ઘડી રોકાવ, તો સારી રસોઈ કરીને જમાડું.'' ૮૨

૩. ''આપનો પ્રતાપ કોઈ જાણતા નથી. આપના પ્રતાપથી જ અમારી મોટપ છે.'' ૧૪

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૬ ગુણ)

૧. નીલકંઠે થાંભલાને બાથ ભીડી. ૯૩

૨. ભગવાનદાસની પત્ની ચિંતા કરવા લાગી. ૫૮

૩. તેલંગી બ્રાહ્મણ આકુળવ્યાકુળ થઈ રોવા લાગ્યો. ૩૪

**પ્રશ્ન.૩. નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** (૫ ગુણ)

૧. પિબૈકનો પરાજય (૩૪) ૨. ભૂતોનો નાશ અને યોગીઓનો મોક્ષ (૨૦) ૩. નીલકંઠ લોજમાં (૮૪)

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (૫ ગુણ)

૧. બુટોલનગરના વૈરાગી બાવાઓમાં શા માટે ઈર્ષા ભભૂકી ? ૨૯

૨. વર્ણીએ વંશીપુરનાં રાણીને સુખમાત્ર શામાં જણાવ્યું ? ૧૮

૩. અષ્ટાંગ યોગનાં આઠ અંગોનાં નામ આપો. ૩૧

૪. નીલકંઠની મરજી જોઈ જયરામદાસ કયાં જવા તૈયાર થયો ? ૪૮

૫. અમીચંદ નીલકંઠ માટે શું લઈ આવ્યા ? ૬૭

**પ્રશ્ન.૫. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** (૪ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. રામાનંદ સ્વામીએ ધર્મધૂરા સોંપી. ૧૦૮

(૧) ☐ સંવત ૧૮૫૭ (૨) ☐ પરિવર્તિની એકાદશી (૩) ☐ પ્રબોધિની એકાદશી (૪) ☐ સંવત ૧૮૫૮

૨. વનવિચરણ દરમ્યાન નીલકંઠે કોનો કોનો ઉદ્ધાર કર્યો ? ૩૮,૪૬

(૧) ☐ જાંબુવાન (૨) ☐ સેવકરામ (૩) ☐ નવ લાખ યોગીઓ (૪) ☐ જીઅર સ્વામી

**પ્રશ્ન.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** (૫ ગુણ)

૧. સામે કાંઠે જઈ લાખા કોળી સામે નીલકંઠે .................... વીંઝી. ૭૩

૨. નીલકંઠ .................... વ્રત રાખતા. ૨

૩. નીલકંઠે ........................ ના મઠની લાખ રૂપિયાવાળી મહંતાઈનો ત્યાગ કર્યો. ૧૨

૪. સંજોગી બાવાના પુત્રનું નામ ....................... હતું. ૪૩

૫. ..................એ નેપાળના રાજાના પેટનું શૂળ મટાડ્યું. ૩૨

**વિભાગ-૨ : સત્સંગ વાંચનમાળા ભાગ-૧ - નવમી આવૃત્તિ, ઑગસ્ટ - ૨૦૦૬**

**પ્રશ્ન.૭. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૯ ગુણ)

૧. ''મેં આપને ન ઓળખ્યા.'' ૩૪

૨. ''અલૌકિક આશ્ચર્ય બતાવશે, તું એમને શરણે જજે.'' ૧૩

૩. ''આજે સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં પ્રગટ વિચરે છે.'' ૫૩

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૪ ગુણ)

૧. નિર્ગુણ સ્વામીએ ધાબળો શાસ્ત્રીજી મહારાજના ચરણોમાં ધરી દીધો. ૫૦

૨. જીવુબા આકરા તાપમાં ઉઘાડે પગે ચાલી નીકળ્યાં. ૪૨

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૫ જૂન, ૨૦૦૮; પરીક્ષા : સત્સંગ પ્રવેશ-૧; માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. **૪૦૧**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- ☐☐☐☐

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

**પ્રશ્ન.૯. નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** **(૫ ગુણ)**

૧. મહારાજે જોબનપગીને સમજાવેલો સાચો ધર્મ ૩૫

૨. તારાં લટકાં પ્યારાં...... કીર્તનમાં મહારાજનું મૂર્તિદર્શન. ૧૧

૩. જેઠાભાઈની ભગતજી મહારાજ પ્રત્યેની ભક્તિ ૪૬

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** **(૪ ગુણ)**

૧. વચનામૃતમાં મહારાજે શુકમુનિ માટે શું કહ્યું ? ૨૨

૨. કયા રાજાએ લાડુદાનજીને સુર્વણથી આભૂષિત કરવા રાજ્યસોનીને બોલાવ્યા ? ૧

૩. જેઠા ભગતને કોણે ક્યારે દીક્ષા આપી ? ૪૬

૪. પુરુષોત્તમપુરામાં થયેલા નુકસાનને જોઈને સ્વામીશ્રીએ શું કહ્યું ? ૫૭

**પ્રશ્ન.૧૧. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** **(૫ ગુણ)**

**વિષય :- જગન્નાથમાંથી શુકાનંદ** **૧૯**

**૧.** મહારાજના મંત્રી બનવામાં નાનીમોટી ઘણી કસોટીઓ થતી. **૨.** શ્રીજીમહારાજના પત્રવ્યવહારની સેવા કરતા હોવાથી મહારાજના મંત્રી બની ગયા. **૩.** જગન્નાથને સાધુ કરવા માટે સોમલા ખાચરે મહારાજને કરેલી વિનંતી. **૪.** મહારાજ કાગળ લખાવે અને રદ કરે તેમ કરતા મધ્ય રાત્રિ થઈ અને દીવો પણ ઓલવાઈ ગયો. **૫.** સંતો પાસેથી મહારાજના અદ્ભુત પ્રતાપ ને મહિમાની વાતો સાંભળીને મુમુક્ષુતાની જાગૃતિ થઈ. **૬.** મહારાજે પોતાના જમણા પગના અંગૂઠામાંથી જ્યોત કાઢી પત્ર પૂરો કરાવ્યો. **૭.** ચાલો, ચાલો, ડભાણથી મુક્ત આવે છે. **૮.** મહારાજે શુકમુનિને સુખડીનાં પારણાં કરાવ્યાં. **૯.** ડભાણમાં વિદ્યાભ્યાસ કરતાં જગન્નાથ વિપ્રને સંતોનો યોગ થયો. **૧૦.** મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામીએ દીક્ષા આપી શુકાનંદ સ્વામી નામ રાખ્યું.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્રશ્ન.૧૨. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૪ ગુણ)**

૧. 'શિક્ષાપત્રી' અન્વયાર્થ ટીકા બ્રહ્માનંદ સ્વામીએ લખી છે ૨૨

૨. ખૈયાની દાદીએ કહ્યું, 'ઉપર બેઠો એ ઢગો બ્રહ્મ છે.' ૬

૩. દેવીદાનનો જન્મ બરોળ ગામે થયો હતો. ૧૩

૪. વરતાલમાં મંદિર કરવા માટે જોબનપગીએ પોતાની જમીન આપી હતી. ૩૫

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૩. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** **(૧૦ ગુણ)**

૧. અતિ સમર્થ, અતિ ક્ષમાવાન સંત : શાસ્ત્રીજી મહારાજ

૨. ભારત મંદિરોથી ઉજ્જવલ છે.

૩. સનાતન હિન્દુ ધર્મની ધાર્મિક ચેતના અને B.A.P.S.

**નોંધ : ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૩ જુલાઈ, ૨૦૦૮ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**